દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ

શુક્રવાર ૧૭ મે, ૨૦૨૪

# અમેરિકા અને ચીન વચ્ચે ફરી વેપાર યુદ્ધ શરૂ થઈ શકે છે

હાલમાં બાઇડન પ્રશાસને ચીની ઇલેક્ટ્રીક વાહનો, એડવાન્સ્ડ બેટરીઓ, સોલાર સેલ્સ, પોલાદ, એલ્યુમિનિયમ અને મેડિકલ સાધનો પર નવા વેરાઓ લાદવાની યોજનાની જાહેરાત કરી છે - ચૂંટણીના વર્ષમાં કરવામાં આવેલ આ જાહેરાતને પગલે વિશ્વના બે સૌથી મોટા અર્થતંત્રો વચ્ચે તિરાડ વધી શકે છે અને બંને દેશો વચ્ચે ફરી એક વાર વ્યાપાર યુદ્ધ શરૂ થઇ શકે છે જે અગાઉ ડોનાલ્ડ ટ્રમ્પના શાસન વખતે થયું હતું. આમ પણ અમેરિકા અને ચીનના સંબંધો ઘણા મામલે વણસેલા રહ્યા છે. હાલમાં જો કે ચીની પ્રમુખ જિનપિંગની અમેરિકાની મુલાકાત પછી બંને દેશો વચ્ચે વ્યાપાર સહિતના સંબંધો સુધરે તેવા સંકેતો દેખાતા હતા પણ હવે ફરી એકવાર બાઇડન પ્રશાસને નવી આયાત ડ્યુટીઓ લગાડવાની જાહેરાત કરતા આ સંબંધો ફરી વણસી શકે છે.

આમ પણ આ આયાત વેરાઓ પ્રમુખ જો બાઇડન અને તેમના રિપબ્લિકન પૂરોગામી ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ચૂંટણી પ્રચારનો મુદ્દો બન્યા હતા. બંને ઉમેદવારો એ બતાવવામાં લાગ્યા હતા કે ચીન સાથે કોણ વધુ સખત બની શકે છે. પ્રશાસનના અધિકારીઓએ જો કે કહ્યું હતું કે આ વેરાઓ ચીન સાથે તનાવ વધારે એમ તેમને લાગતું નથી, છતાં તેમને લાગે છે કે ચીન અમેરિકાના ઉત્પાદનો પર નવા વેરાઓ લાદીને અમેરિકાને જવાબ આપશે. આ વેરાઓ આગામી ત્રણ વર્ષમાં તબક્કાવાર લાગુ પાડવામાં આવશે, જેઓ ચાલુ વર્ષે જ અમલી બનશે તેમા ઇલેક્ટ્રીક વાહનો, સોલાર કોષો, સિરંજ, નીડલો વગેરોને સમાવેશ થાય છે. અમેરિકામાં ચીની ઇલેક્ટ્રીક વાહનો પર અત્યારે બહુ ઓછા વેરા છે પણ અધિકારીઓને ભય છે કે ચીનની સરકારની સબસીડીઓને કારણે નીચી કિંમતના ચીની ઇલેક્ટ્રિક વાહનો ટૂંક સમયમાં અમેરિકાના બજારોમાં ઉભરાવા માંડશે. ચીની કંપનીઓ અમેરિકામાં અમેરિકામાં ઇવીઝ ૧૨૦૦૦ ડોલર જેટલી કિંમતમાં વેચી શકે છે. વળી તેઓ સૌર કોષો પણ નીચી કિંમતે વેચી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકામાં ચાલુ વર્ષે પ્રમુખપદની ચૂંટણી છે ત્યારે ડેમોક્રેટ અને રિપબ્લિકન બંને ઉમેદવારો એકબીજાને ચીનના મુદ્દે નીચું જોવડાવવાના પ્રયાસો કરતા જણાય છે અને ચીન સાથે કોણ સખત તેની જાણે હરિફાઇ ચાલે છે. હાલમાં એક રેલીમાં ટ્રમ્પે પોતાના ટેકેદારોને કહ્યું હતું કે જો બાઇડનની આર્થિક યોજના ચીનને ધનવાન અને અમેરિકાને ગરીબ બનાવવાની છે.

ચીન અને અમેરિકા વચ્ચેનો આર્થિક સંઘર્ષ જાન્યુઆરી 2018 થી ચાલુ છે, જ્યારે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર ટેરિફ અને અન્ય વેપાર અવરોધો લાદવાનું શરૂ કર્યું હતું. અમેરિકા લાંબા સમયથી ચાલતી અન્યાયી વેપાર પ્રથાઓ જેને કહે છે તેમાં ફેરફાર કરવા દબાણ કરે છે. ટ્રમ્પ વહીવટીતંત્રે જણાવ્યું હતું કે આ પ્રથાઓ યુ.એસ.-ચીન



વેપાર ખાધમાં ફાળો આપી શકે છે . યુ.એસ.ના વેપારના પગલાંના પ્રતિભાવમાં, ચીનની સરકારે ટ્રમ્પ વહીવટીતંત્ર પર રાષ્ટ્રવાદી સંરક્ષણવાદમાં સામેલ હોવાનો આરોપ મૂક્યો અને બદલો લેવાની કાર્યવાહી કરી. 2019 સુધી વેપાર યુદ્ધ વધ્યા પછી, જાન્યુઆરી 2020 માં બંને પક્ષો તંગ તબક્કાના પ્રથમ કરાર પર પહોંચ્યા; તેની મુદત ડિસેમ્બર 2021માં સમાપ્ત થઈ ગઈ અને ચીનમાંથી આયાત માટેના તેના લક્ષ્યાંકો સુધી પહોંચવામાં ચીન મોટા માર્જિનથી નિષ્ફળ ગયું. ટ્રમ્પ પ્રમુખપદના અંત સુધીમાં, વેપાર યુદ્ધને વ્યાપકપણે યુનાઇટેડ સ્ટેટ્સ માટે નિષ્ફળતા તરીકે દર્શાવવામાં આવ્યું હતું. જો કે તેમના અનુગામી જો બાઇડેને ટેરિફને યથાવત રાખ્યા છે. જો કે આ પહેલા જ્યોર્જ ડબલ્યુ. બુશ અને બરાક ઓબામાના વહીવટીતંત્રે પણ સ્થાનિક ઉત્પાદકોને બચાવવા માટે ચાઈનીઝ કાપડ પર ક્વોટા અને ટેરિફ લાદ્યા હતા, અને ચીન પર આ ઉત્પાદનોની નિકાસ ડમ્પિંગ ભાવે કરવાનો આરોપ મૂક્યો હતો. ઓબામા વહીવટીતંત્ર દરમિયાન, યુ.એસ.એ ચીન પર એલ્યુમિનિયમ અને સ્ટીલના ઉત્પાદનમાં સબસિડી આપવાનો પણ આરોપ મૂક્યો હતો અને ચીન સામે એન્ટિ-ડમ્પિંગ તપાસની શ્રેણી શરૂ કરી હતી. જો કે આ બે પ્રમુખોના શાસન દરમિયાન, યુએસ-ચીની વેપાર સતત વધતો રહ્યો. આ સમય દરમિયાન, ચીનની અર્થવ્યવસ્થા વિશ્વમાં બીજા નંબરની સૌથી મોટી તરીકે વૃદ્ધિ પામી હતી, જે અમેરિકા પછી બીજા ક્રમે હતી.બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ, એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક અને “મેડ ઈન ચાઈના 2025” જેવી મોટા પાયે ચીનની આર્થિક પહેલોએ કેટલાક અમેરિકી નીતિ નિર્માતાઓને ચિંતામાં મૂક્યા હતા. વધુ વ્યાપક રીતે, અમેરિકી સરકાર દ્વારા ચીનની આર્થિક વૃદ્ધિને અમેરિકન આર્થિક અને ભૌગોલિક રાજનીતિક વર્ચસ્વ માટે પડકાર તરીકે જોવામાં આવે છે. એટલે લાગે છે કે આગામી સમયમાં બંને દેશો વચ્ચેનો વેપાર સંઘર્ષ ફરી ઉગ્ર બની શકે છે.

## આર્ટ ઓફ બેલેન્સીંગ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

જ્યોતિ અને પ્રીતિ બંને કોલેજની સહેલીઓ હતી. લગ્ન થયા બાદ સાસરું પણ નજીક હતું. બંને સવારે સાથે વોક માટે જતી અને એકમેકનો સાથ માણતી અને તેમની દોસ્તી લગ્ન બાદ પણ જીવંત છે તેમ વિચારી ખુશ થતી.બંને સહેલીઓ એકમેકને કામમાં પણ મદદરૂપ થતી.વાર તહેવારે, પ્રસંગે એકમેકના ઘરે પણ જતી. સમય વિતતાં બંનેએ એક એક સંતાનને જન્મ આપ્યો. જ્યોતિની દીકરી શ્રેયા અને પ્રીતિના દીકરા વિહાન, વચ્ચે માત્ર એક મહિનાનો જ ફર્ક હતો.માતા બનતાં જવાબદારીઓ વધી અને તેમનો મોટા ભાગનો સમય ઘર અને નાના બાળકની જવાબદારીમાં જ વીતવા લાગ્યો. એકમેકને મળવાનું તો દૂર ,ફોન પર પણ વાત થતી ન હતી.આમ છ થી આઠ મહિના વીતી ગયા. બાળકો થોડાં મોટાં થયાં.એક દિવસ અચાનક બંને બહેનપણીઓ રસ્તામાં મળી અને પ્રીતિ તો જ્યોતિને જોતાં જ દોડીને ભેટી પડી અને રડવા લાગી.જ્યોતિએ કહ્યું, ‘અરે, રડે છે શું? એક તો કેટલા વખતે મળ્યા?’ પ્રીતિ બોલી, ‘ના કંઈ નહિ મહિનાઓ પછી તને જોઈ એટલે રડી પડાયું.મા બન્યા બાદ જવાબદારીઓ એટલી વધી ગઈ કે આપણે બંને એક્બીજાને મળી શકતાં નથી.શું જીવનમાં આવું જ થાય. એક સંબંધ બાંધીએ એટલે પહેલાંના સંબંધો તૂટતા જાય અથવા ઓછા થતાં જાય.લગ્ન પછી માતા -પિતાથી દૂર ...સ્વજનોથી દૂર ..મિત્રોથી દૂર ...આપણે તો લગ્ન પછી નજીક હતાં,રોજ મળતાં હતાં, પણ હવે આ બાળકોની જવાબદારીમાં આપણે પણ મળી શકતાં નથી.’ જ્યોતિ બોલી, ‘પ્રીતિ, જીવનમાં અને સંબંધોમાં થોડા ઉતાર-ચઢાવ આવે...જીવનમાં પ્રેમ ,લાગણી અને સંબંધોનું બેલેન્સીંગ આપણે કરતાં શીખવું પડે.પ્રેમ મેળવવા લગ્ન કર્યા ...નવા સંબંધો મળ્યા...જૂનાને ભૂલવાની કે તોડવાની જરૂર ન હોય, જાળવતા બેલેન્સીંગ કરતા આવડવું જોઈએ. શનિ - રવિ રજામાં ન નીકળી શકાય અથવા બીજા કાર્યક્રમ હોય એટલે ન જઈ શકાય એટલે હું લગભગ દર શુક્રવારે મમ્મી પપ્પાને મળી આવું છું. આપણે પણ કેવા સવારે મોર્નિંગ વોક કરતાં મળતાં હતાં...’ પ્રીતિ વચ્ચે બોલી, ‘હા, એ આઈડિયા તારો જ હતો પણ ... હવે ક્યાં મળીએ છીએ અને હવે શક્ય પણ નથી.’ જ્યોતિ બોલી, ‘દોસ્ત મારી, આમ મન ખાટું ન કર,આપણે બંનેએ સંતાનને જન્મ આપ્યો, બહુ મોટું સુખ મળ્યું, માતા બનવાનું તો જીવનમાં બદલાવ આવે જ ને....હવે ઘણો સમય પસાર થઈ ગયો છે, આપણાં બાળકો પણ હવે ચાલતાં શીખશે. હું અને તું બંને સવારે ન મળી શકીએ, પણ રોજ સાંજે બાળકોને ગાર્ડનમાં રમવા સાથે લઇ જઈશું અને ત્યાં મળીશું.

દરેક બાબત અને સંબંધને જાળવતાં ,સંભાળતાં અને ટકાવી રાખવા આપણે રસ્તો કાઢતાં શીખવું પડે.જીવનમાં ફરિયાદ ન કરાય. આર્ટ ઓફ બેલેન્સીંગ શીખી લેવાય સમજી.’ પ્રીતિ,જ્યોતિને ભેટી પડી અને સાંજે ગાર્ડનમાં બાળકો સાથે મળવાનું નક્કી કરી બંને બહેનપણીઓ છૂટી પડી.

# આર્થિક વિકાસ અને પર્યાવરણ અંગેની નિસ્બત આમનેસામને આવી રહ્યાં છે

## કહેવાની વાત

નેહા શાહ

**હવે એ પણ વિચારવું પડશે કે પ્રવાસીઓની મહત્તમ સંખ્યા પર પણ નિર્ધારિત કરવી કે નહીં. નિષ્ણાતોનું માનવું છે કે પહાડ પર વસેલાં શહેરોની જમીનનો ઢોળાવ, એની માટીની ગુણવત્તા અને એની ભાર વાહન કરવાની ક્ષમતાનો અભ્યાસ કરવો જરૂરી છે જે આધારે લાંબા ગાળાનું પહાડી શહેરોનું તેમજ પ્રવાસન ઉદ્યોગનું આયોજન કરવું જરૂરી છે**

રવિવારે યમનોત્રીના રસ્તા પર લાગેલા જામના સોશ્યલ મિડિયા પર ફરતા થયેલા વિડિયો ભયાવહ હતા. ચાર ધામ મંદિરના દરવાજા ખૂલ્યા અને પ્રવાસીઓનાં ટોળેટોળાં ઉમટી પડ્યાં. પ્રાદેશિક શાસન તરફથી કોઈ જ પ્રકારની રોકટોક વિના પ્રવાસીઓ આવતાં જ ગયાં. પરિણામે કલાકો સુધી ટ્રાફિક જામ થઈ ગયો. 24 કલાકથી પણ વધુ લાંબા સમય સુધી લોકોને ગાડીમાં વિતાવવાની ફરજ પડી. હજારો પ્રવાસીઓ કલાકો સુધી રસ્તામાં ખોરાક-પાણી કે શૌચાલયની સુવિધા વગર અટવાઈ ગયાં. દરેક વસ્તુના ચારથી પાંચ ગણા ભાવ ચૂકવવા પડ્યા. આ રુટ પર ભૂસ્ખલનના ઘણા પોઈન્ટ છે, જે પરિસ્થિતિને ગંભીર બનાવી રહ્યું છે. આ લખાય છે ત્યાં સુધી ભીડ હળવી થયાના સમાચાર નથી. પહાડના સાંકડા રસ્તા પર જામેલી હકડેઠઠ ભીડ એલાર્મ વગાડીને કહે છે કે કોઈ મોટી દુર્ઘટના થાય એની રાહ ના જુઓ અને હિમાલયમાં આડેધડ વધેલા પ્રવાસનને ઝડપથી નિયંત્રિત કરો.

હિમાલયનાં રાજ્યોમાં એના અપ્રતિમ સૌંદર્યને કારણે દર વર્ષે આવતાં પ્રવાસીઓની સંખ્યા વધતી જ જાય છે. પ્રવાસીઓ આવે એટલે એમને રહેવા માટે હોટેલ જોઈએ, પૈસા આપીને આનંદ માટે રહેતા હોય એટલે અમર્યાદિત પાણી જોઈએ. પરિણામે મર્યાદિત સંસાધનો પર દાવા કરનારા હાથ અનેકગણા વધી જાય, જેનું ભારણ સ્થાનિક પર્યાવરણ પર પડ્યા વિના રહેવાનું નથી. પ્રવાસન ક્ષેત્રે આવેલા ઉછાળો અને આડેધડ વિકસેલાં શહેરોને કારણે આ પ્રદેશોની સમસ્યા વધી રહી છે. ઉત્તરાખંડ સરકારના આંકડા પ્રમાણે 2001માં એક કરોડ પ્રવાસી આવ્યાં હતાં જે સંખ્યા 2022માં વધીને પાંચ કરોડની થઈ ગઈ! આ વીસ વર્ષ દરમ્યાન માત્ર ચાર ધામ કરવા આવેલાં યાત્રાળુઓની જ સંખ્યા આઠ લાખથી વધીને તેંતાલીસ લાખ સુધી પહોંચી છે! પ્રવાસીઓ ઉપરાંત આજુબાજુનાં ગામોમાંથી પ્રવાસન સ્થળે રોજી કમાવા આવનાર લોકોની સંખ્યા પણ પાંચ લાખની આસપાસ હોવાનો અંદાજ છે. પહાડી શહેરોની વસ્તી માત્ર બે દાયકા દરમ્યાન લગભગ બમણી થઈ ગઈ છે! પરિણામે આયોજન વગર બંધાતાં મકાનો, ગટર વ્યવસ્થા, પાણીની અછત તેમજ અવારનવાર થતાં ટ્રાફિક જામ જેવા અનેક પ્રશ્નોની વણઝાર ઊભી થઈ છે. આ ઉપરાંત, ગમે ત્યાં ફેંકાયેલ પાણીની કે ઠંડા પીણાંની બોટલો, ખાવાનાં પડીકાંનાં રેપર કે આઈસક્રીમના કપથી થતો પ્લાસ્ટિકિયા કચરાનો ખડકલો ગંદકી તો ઊભી કરે જ છે, એ ઉપરાંત સાથે નદી-નાળાને દૂષિત કરવા અને વૃક્ષોના વિકાસને અવરોધવા જેવી લાંબા ગાળાની સમસ્યા પણ ઊભી કરે છે. પ્રવાસીઓની સાથે બસ અને ટ્રક જેવાં ભારે વાહનોની સંખ્યા પણ વધી છે. જે હિમાલયના નાજુક પર્યાવરણ પરનું ભારણ વધારે છે.

પાછલા દાયકામાં હિમાલય વિસ્તારોમાં થતી રહેલી વાદળ ફાટવાની, ભેખડ ધસી પડવાની, કે ગ્લેશિયર તળાવો ફાટવા જેવી કુદરતી આફતો ઈશારો કરે છે કે આ વિસ્તારનું પર્યાવરણચક્ર ખૂબ નાજુક છે. સિલ્કયારા ટનલમાં જમીન ધસી પડતાં 41 મજૂરો ફસાઈ ગયા એ ઘટના તો હજી આ દિવાળીએ જ આપણે જોઈ. વરસેક પહેલાં જ જોશીમઠનાં ઘરોમાં તિરાડો પડતાં લોકોને ત્યાંથી ખસેડવા પડ્યાં હતાં. 2013માં કેદારનાથમાં આવેલ પૂરની યાદો હજુ આપણા માનસપટથી ખસતી નથી. આ આફતો પર્યાવરણમાં આવેલ ફેરફારને (કલાઈમેટ ચેન્જ) કારણે બની રહી છે એ વાત સાચી, પણ ખુવારીના આંકડા ઊંચા રહેવા પાછળ નબળું આયોજન પણ જવાબદાર છે. કેદારનાથ ઘટનાની વાત કરીએ તો મૃત્યુ આંક છ હજાર જેટલો ઊંચો હતો કારણ કે કેદારનાથના પહાડો અને મંદાકિનીના તટ પર સમાઈ શકે એના કરતાં અનેકગણાં લોકો ત્યાં હાજર હતાં. નદીના પટ પર વિજ્ઞાનના નિયમોને અવગણીને બંધાએલ હોટલનાં મકાનોમાં રોકાયાં હતાં. જે સૌ કુદરતના પ્રકોપનો ભોગ બન્યા.

પ્રવાસન આવકનું મહત્ત્વનું સાધન હોવાને કારણે, અત્યાર સુધી માળખાકીય સવલતો વધારવાની ભલામણ થતી રહી છે. પણ, આ પ્રશ્ન માત્ર માળખાકીય સુવિધા વધારવાનો નથી. હવે એ પણ વિચારવું પડશે કે પ્રવાસીઓની મહત્તમ સંખ્યા પર પણ નિર્ધારિત કરવી કે નહીં. નિષ્ણાતોનું માનવું છે કે પહાડ પર વસેલાં શહેરોની જમીનનો ઢોળાવ, એની માટીની ગુણવત્તા અને એની ભાર વાહન કરવાની ક્ષમતાનો અભ્યાસ કરવો જરૂરી છે જે આધારે લાંબા ગાળાનું પહાડી શહેરોનું તેમજ પ્રવાસન ઉદ્યોગનું આયોજન કરવું જરૂરી છે. વરસેક પહેલાં સુપ્રીમ કોર્ટે એક જાહેર હિતની અપીલના જવાબમાં હિમાલયનાં શહેરોની ભાર વાહન ક્ષમતા માપવા માટે નિષ્ણાતોની કમિટી બનાવી હતી. હિમાલયમાં આવેલાં રાજ્યોમાં પ્રવાસીની સંખ્યા મર્યાદા નક્કી કરવા માટે કેન્દ્ર સરકારે પણ તૈયારી બતાવી હતી. પણ, ભારતમાં જેમ હમેશાંથી થતું આવ્યું છે તેમ સરકાર જે ઝડપથી પગલાં લઈ રહી છે અને કુદરત જે ઝડપ દાખવવા તરફ ઈશારો કરી રહી છે એમાં બહુ મોટું અંતર છે.

યમનોત્રીના રસ્તા પર જામેલી ભીડ માત્ર બે દિવસની ગેરવ્યવસ્થાનું પરિણામ નથી. પ્રશ્નનાં મૂળ ઘણાં ઊંડાં છે. એક તરફ પ્રવાસન ઉદ્યોગનો વિકાસ સ્થાનિક લોકો માટે રોજગારની તકો ઊભી કરે છે અને આર્થિક વૃદ્ધિનું એન્જિન બને છે તો બીજી તરફ આ બેકાબૂ ઝડપે આગળ વધતું આ એન્જિન પર્યાવરણ માટે ખતરો ઊભો કરી રહ્યું છે એટલે આર્થિક વિકાસ અને પર્યાવરણની સુરક્ષા અંગેની નિસ્બત આમનેસામને આવી જાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# શાળા-કોલેજીસમાં તમને ભણાવવા કોઈ બેઠું નથી

હરેન્દ્ર ભટ્ટ

**શિક્ષણ એ તમારી પોતાની એટલે કે વાલી વિદ્યાર્થીની ગરજ છે. તમારે ઉત્તમ શિક્ષણ મેળવવું હોય તો તમારી રીતે મેળવો અને તેના રસ્તા શોધો. બાકી, શિક્ષણના મોટા બજારમાં તો તમે વ્યાપારી-ગ્રાહક સંબંધે જ જોડાયેલા છો**

આ વર્ષે ઉચ્ચતર માધ્યમિકનાં જે પરિણામો આવ્યાં તે સૌથી વધુ આઘાતક છે. આખું વર્ષ આપણે ખરાબ શિક્ષણવ્યવસ્થા, ખરાબ શિક્ષણ તંત્ર, ખરાબ શાળાકીય શિક્ષણ, નબળા અક્ષમ શિક્ષકો અને નબળાં વિદ્યાર્થીઓની ફરિયાદ કરીએ છીએ અને અચાનક જે પ્રકારનું પરિણામ આવે છે તે પેલી બધી ફરિયાદોને સાવ નકામી, નિરર્થક બનાવી છે. થાય કે બધું જ તેજસ્વિતાથી ભરપૂર છે અને ગુજરાતમાં સહુથી સારું શિક્ષણ છે. હકીકત એ છે કે જો પ્રામાણિક રીતે તમે તમારાં સંતાનોને ઉત્તમ શિક્ષણ આપવા માંગતા હો તો ગુજરાતમાં ભણાવશો નહીં. હા, આ આઘાતક સત્ય છે. જ્યાં સરકાર અને શિક્ષણના વ્યાપારી ઉદ્યોગપતિઓ ભેગા થઇ જાય ત્યાં શિક્ષણનાં નહીં, બજારના નિયમો લાગુ પડે અને ત્યાં શિક્ષણ નહીં, વેપારીઓના નફા-ખોટને જ કેન્દ્રમાં રાખવામાં આવે. જો ખરાબ પરિણામ આપો તો સરકારના શિક્ષણ વિભાગને જ ફરિયાદ થાય. ગુજરાતમાં ખરાબ શિક્ષણ છે એવી ફરિયાદ થાય. સરકારનો શિક્ષણ વિભાગ શું કામ પોતાને નકામો જાહેર કરે? વળી તેમણે જ તો રાજ્યની ખાનગી સ્કૂલો, કોલેજીસ અને ખાનગી યુનિવર્સિટીઓનો ધંધો ચલાવવાનો છે. અઢળક રૂપિયા લઇ તેમણે ખાનગીકરણની મંજૂરી આપી હોય તો સરકારની જ જવાબદારી થઇ જાય છે કે એ બધાને પૂરતાં ‘ગ્રાહક’ (વિદ્યાર્થી) મળે. અત્યારે તો વાલીઓ અને વિદ્યાર્થીઓ ખુશ છે તો કોણ ફરિયાદ કરશે? સરકારે શિક્ષણના વ્યાપારી વર્ગ માટે વાલી વિદ્યાર્થીઓને ખુશ કર્યા છે અને તેમાં ખરેખરા શિક્ષણને તો કોઇ પૂછતું જ નથી.

પણ શિક્ષણ વિશે ચિંતા કરનારાઓનો વર્ગ હવે ઓછો થઇ ગયો છે. શિક્ષણના સ્તર વિશેની સૌથી ઓછી ચિંતા શાળાઓ અને શિક્ષકોમાં હોય છે. અનેક શાળાઓમાં પૂરતાં શિક્ષકો નથી, જે છે તે સક્ષમ છે કે નહીં તે ખબર નથી. અનેક શાળા-કોલેજોમાં નિયમિત આચાર્યો પણ નથી. સરકાર પોતે જ શિક્ષકો-અધ્યાપકો આપવા તૈયાર નથી. એટલે શાળા કોલેજીસનું મેનેજમેન્ટ તો ફી કઇ રીતે વધારેમાં વધારે લેવી તેના માટે મિટિંગ્સ ભરતું રહે છે. વિદ્યાર્થી તેમના માટે શોષણનું સૌથી મોટું માધ્યમ છે અને વાલીઓ પ્રતિકાર વિના આવી શાળા-કોલેજના બદઇરાદાને હવાલે થઇ જાય છે. પરિણામના દિવસે જ ટ્યુશન કલાસિસોની મોટી મોટી જાહેરાતો આવે છે તેની પર પણ નજર કરો. આ કલાસિસના દાવા છે કે તેમના ટ્યુશનના બળે જ આ વિદ્યાર્થીઓ આટલા ઊંચા માર્કસ લાવ્યા છે. મતલબ કે એ વિદ્યાર્થીઓને શાળામાં તો કશું ભણાવાતું જ નથી. ઘરે વાલીઓએ પણ મહેનત નથી કરી અને વિદ્યાર્થી તો સક્ષમ હતાં જ નહીં, જે જાદુ કર્યો તે ટ્યુશન કલાસિસોએ કર્યો. જો આમ જ હોય તો મોંઘી ફી ભરી ભરાવીને શાળામાં દાખલ કરાવવાનો કોઇ અર્થ રહે છે ખરો? આખો ધંધો નર્યો છેતરપિંડીનો છે પણ વાલી-વિદ્યાર્થી વિચારશે નહીં અને સરકાર તો પોતે જ વેપારી તત્ત્વોને હવાલે છે તો તે શું વિચારવાની? એટલે ફરી કહેવાનું કે જો તમે ખરા અર્થમાં તમારાં સંતાનોને ઉત્તમ શિક્ષણ આપવા માંગતા હો તો ગુજરાતમાં ભણાવવા વિશે પુનર્વિચાર કરી જોજો.

પણ તકલીફ એ છે કે વાલીઓ ઉત્તમ શિક્ષણની દરકાર જ નથી કરતા. તેઓ કોઇ પણ રીતે પોતાનાં સંતાનો સારા માર્કસ સાથે ભણી પરવારે તેટલું જ વિચારે છે અને સરકાર પાસે આ ‘સારા માર્કસ’ કેવી રીતે આપવા તેનો રસ્તો છે. વિદ્યાર્થીઓ પરીક્ષા આપતી વેળા જે કાંઇ વિચારતા હોય તે પણ સરકારે વિચારી રાખ્યું હોય છે કે આ વર્ષે આપણે કેવું અને કેટલું પરિણામ આપવું છે અને તે વખતે તેઓ વિદ્યાર્થી સામે નહીં બલ્કે શિક્ષણના વેપારીઓ સામે જ જોઇ વિચારતા હોય છે. આજે તમે જુઓ કે ઓછી ફી લેતી અને શિક્ષક તરીકે ઉમેદવારને પસંદગી કરતી વેળા શિક્ષણની જે ડિગ્રી અપેક્ષિત હોય તેનો આગ્રહ રાખતી સરકારી સ્કૂલોની જ દશા બગાડી દેવામાં આવી છે કારણ કે તેની પાસે ખાનગી સ્કૂલોવાળાનું મોટું પ્રચાર તંત્ર છે અને વેપારી-ઉદ્યોગપતિઓએ બનાવેલા શાળાનાં મકાનો છે. અનેક સ્કૂલ કોલેજના ટ્રસ્ટીઓ, મેનેજમેન્ટમાં અભણ કહેવાય તેવા પણ ધનવાન વર્ગનાનો જ ઈજારો થઇ ગયો છે. તેઓ શિક્ષણના સ્તરની શું કાળજી રાખવાના? શિક્ષણ ક્ષેત્રે વેપારી, ઉદ્યોગપતિઓ, રાજનેતાઓ અને ધાર્મિક સંસ્થાઓનો પગપેસારો ભયાનક છે. આ તત્ત્વોને સૌથી પહેલાં દૂર કરવાની જરૂર છે, પણ કોણ કરશે? વાલીઓ એટલે કે જે સામાજિકો છે તે તો કોઈ દિવસ આ વિશે જાહેર વિચાર, જાહેર પ્રતિક્રિયા આપતાં જ નથી. પ્રાથમિક શિક્ષણથી માંડી યુનિવર્સિટી શિક્ષણમાં ખાનગીના નામે વેપારી તત્ત્વોને ઘુસવાની સરકારે જ વ્યવસ્થા કરી આપી છે. તે આપણા શિક્ષણને ડૂબાડવા બેઠું છે. સુરતમાં જ અચાનક બે સારી શિક્ષણ સંસ્થા યુનિવર્સિટીમાં ફેરવાઈ ગઇ અને ત્યાં જે માળખા અને શિક્ષણના સ્તરમાં ફરક આવ્યા છે તેની પર નજર કરજો. ત્યાં કેવા અધ્યાપકો છે, કેવા કુલપતિ છે તે વિચારી જોજો. હવે કુલપતિ હોય કે શાળા કોલેજના આચાર્યો હોય, તેમને તેમની શિક્ષણ ઉપરાંતની ખાસ વહીવટી આવડત આધારે જ પસંદ કરવામાં આવે છે. જો તમને આ બધી ખબર ન હોય તો ખબર રાખો, પણ તમને શિક્ષણની અને તમારાં વિદ્યાર્થી સંતાનો, આવનારી પેઢીની ખરેખર નિસબત હોય અને ઉત્તમ શિક્ષણની દરકાર હોય તો જ એમ બનશે. સરકાર કે શિક્ષણ સંસ્થાઓની કોઇ ગરજ નથી કે ઈચ્છા નથી કે વિદ્યાર્થીને ઉત્તમ શિક્ષણ મળે.

તેમનો તે હેતુ જ નથી એ સમજી લેવાની જરૂર છે. શિક્ષણ એ તમારી પોતાની એટલે કે વાલી વિદ્યાર્થીની ગરજ છે. તમારે ઉત્તમ શિક્ષણ મેળવવું હોય તો તમારી રીતે મેળવો અને તેના રસ્તા શોધો. બાકી, શિક્ષણના મોટા બજારમાં તો તમે વ્યાપારી-ગ્રાહક સંબંધે જ જોડાયેલા છો. ને અહીં ‘ગ્રાહક અધિકાર’ શું તે પણ સ્પષ્ટ નથી એટલે વ્યાપારીઓ ખુશ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

## જોરદાર અને ધારદાર વિરોધ પક્ષની દેશને સખત જરૂર છે

હાલમાં વિરોધ પક્ષ અશકત, પડું પડું અને તદ્દન માંદો થઇ ગયેલ લાગે છે. પક્ષોના ગઠબંધનમાં યુનિટી નથી, સંપ નથી. વર્ષો પહેલા પણ રાજાઓમાં સંપ ન હતો આથી દેશ મોગલો અને અંગ્રેજોનો ગુલામ બન્યો હતો એ સૌને વિદિત છે. આ અંગે હું એકજુદી વાત કરવા માંગું છું. વાત એમ છે કે સત્તા માણસને બગાડે છે અને સંપૂર્ણ સત્તા માણસને સંપૂર્ણ બગાડે છે જ્યારે માણસ પાસે સંપૂર્ણ સત્તા આવી જાય તો એમાં અભિમાન આવી જાય. ત્યારે એ રાવણની જેમ કોઇનું પણ સાંભળે નહીં. એ પોતાનું ધારેલું જ કરે. એ કયારેક ખોટું પણ કરે અને તેની એને ખબર પણ ન પડે કે હું ખોટું કરતો છું. સબળ વિરોધ પ ક્ષ હોય તો સંપૂર્ણ સત્તા મેળવનારના કાન આમળી શકે, સંપૂર્ણ સત્તા મેળવનારને સીધોદોર કરી શકે. સબળ વિરોધ પક્ષ કયારે બનશે?

નવસારી - મહેશ નાયક

## શિક્ષણજગતની ગંભીર ક્ષતિ

અખબારના પાને જ્યારે આ સમાચાર વાંચ્યા ત્યારે ખરેખર મનમાં સવાલ આવ્યો કે આના માટે જવાબદાર કોણ? રાજ્યની યુનિવર્સિટી સ્તરે મોટો ગોટાળો કહી શકાય એવી ગંભીર બેદરકારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા નિયામકની બહાર આવી છે અને આવું માત્ર એક વખત બન્યું નથી, બે વાર બન્યું છે અને તે પણ સપ્તાહમાં, બે વાર. એમ. એ. સેમેસ્ટર-2 નાં વિદ્યાર્થીઓનું 1મેના રોજ છેલ્લું પેપર હતું. એજ્યુકેશન સાયકોલોજીના વિષયની પરીક્ષા બુધવારે સવારે 10.30 કલાકે શરૂ થવાની હતી અને શરૂ થઈ ગઈ ત્યારે ખબર પડી કે આ વિષયનું પેપર કાઢવાનું તો ભૂલાઈ ગયું, બાદમાં તાત્કાલિક પરીક્ષા નિયામક દ્વારા પેપરસેટરને ફોન કરીને પેપર મેળવવામાં આવ્યું અને વિદ્યાર્થીઓને અપાયું. વિદ્યાર્થીઓનો અડધો કલાક બગડ્યો. આમ જ 25 એપ્રિલથી શરૂ થયેલી પરીક્ષામાં પહેલા જ દિવસે એમ.એ. સેમેસ્ટર-2માં એક્સટર્નલ વિદ્યાર્થીઓના કાઉન્સેલીંગ સાઈકોલોજીના પેપરમાં થયું હતું. વિદ્યાર્થીઓ પેપર આપવા બેઠાં ત્યારે ખબર પડી કે આ વિષયનું પેપર કાઢવાનું તો ભૂલાઈ ગયું. પરીક્ષા વખતે સમયની કેટલી કિંમત હોય છે એ શું આ લોકોને ખબર નહીં હોય? શિક્ષણજગતમાં આવી બેદરકારી કેમ ચલાવી લેવાય? આમાં તો વિદ્યાર્થીઓનું ભાવિ જોખમમાં મુકાય છે. આ તો ખરેખર શિક્ષણ જગતની ગંભીર ક્ષતિ ગણાવી શકાય.

સુરત - શ્રીમતી શીલા સુભાષ ભટ્ટ

## વીસ રૂપિયામાં શ્વસનતંત્ર શુદ્ધિકરણ કાર્યક્રમ

શહેરમાં વસનારા લોકો ધૂમાડાના ઝેરી ગેસોથી વર્ષભર ત્રાસી જાય છે. ધૂમાડામાં કાર્બન ડાયોકસાઈડ તથા કાર્બન મોનોકસાઈડ તથા અન્ય ઝેરી ગેસો શ્વસનતંત્રને દૂષિત હવાને પરિણામે ડેમેજ કરે છે. આ માટે તમારે શુદ્ધિકરણ સારવાર લેવી આવશ્યક છે. ઝેરી ગેસોનું મારણ શુધ્ધ ઓક્સિજનયુક્ત હવામાં રહેલું છે. ઓક્સિજનયુક્ત હવા ત્યાં વધુ હોય, જ્યાં વૃક્ષો વધુ હોય!! ગુજરાતમાં સૌથી વધુ વૃક્ષો ધરાવતા વિસ્તારોમાં ડાંગ જિલ્લો મોખરે છે. ડાંગનું પ્રવેશદ્વાર એટલે વઘઈ. હાલ ઈલેકશનના માહોલમાં ડાંગની પ્રજાને આકર્ષવા ગાયકવાડી નેરોગેજ રેલવેનું ભાડુ સરકારે ઘટાડીને માત્ર વીસ જ રૂપિયા કરેલ છે. વીસ રૂપિયામાં બીલીમોરાથી વઘઈનો પ્રવાસ કરો એટલે ફરજિયાત હરિયાવૃક્ષોની હારમાળાઓ, ખેતરો, જંગલોમાંથી પસાર થવું જ પડે. જેથી શુદ્ધ ઓક્સિજનવાળી હવા મળે. ઓક્સિજનયુક્ત શુદ્ધ હવા રૂધિરમાં ભળી મગજના કોષોમાં પહોંચે. તન સાથે મન પણ શુદ્ધ થઈ જાય. ઈલેક્શન પછી આ દર વધે એ પહેલાં શહેરીજનો મધ્યવર્ગીય પરિવારો, આ ડિસ્કાઉન્ટનો મહત્તમ લાભ લે એ ઈચ્છનીય છે. નેરોગેજ છૂકછૂક ગાડી મહારાણી સવારે 10:30 કલાકે બીલીમોરાથી ઉપડી બપોરે 1.45 થી 2.00 વાગ્યા સુધી વઘઈ પહોંચાડી દે છે. વઘઈથી ફરી એજ ગાડી 2:30 કલાકે ઉપડે છે. જો તમારામાં બેસવાની ધીરજ હોય તો આજ ગાડીમાં રીટર્ન આવી શકો છે. ચોમાસામાં આ ટ્રેનની યાત્રા પણ યાદગાર બની જાય. ઊનાળામાં વૃક્ષોના પાંદડા ખરી ગયા હોય દૂર દૂર જંગલમાં જોવાનો લ્હાવો મળે છે. ઉનાળામાં પણ અહીં હરીયાળી તો ખરી જ, પણ ચોમાસા જેવી ગીચતા નહીં. તો શું વિચાર છે આપનો?

નવસારી - સાજીદા એમ. છીપકાવાલા

## સિનિયર સિટીઝન હો તો તમારા ઘરબાયેલા શોખોને જીવતા શીખો

નિવૃત્તિમાં પ્રવૃત્તિ કરો. શારીરિક અને માનસિક વ્યવસ્થિત આપણી તંદુરસ્તી જળવાઈ રહેશે. મંદિર મસ્જિદના એટલે પંચાતિઓ ભેગા થાય છે. તેમાંથી બચો. સંગીત, લેખન, વાચન, લાયબ્રેરી સિનિયર સીટીઝન કલબો, નાના નાના એક દિવસીય પ્રવાસે નવું જાણવાની ઈંતેજારી લાફિંગ કલબોમાં જોઈને થાય. આપણી જીવનનૈયા વિના અવરોધે આસાનીથી પાસ થશે. બિમારીઓનું વળગણ પ્રવૃત્તિહીનને જ થાય છે. પ્રવૃત્તિમાં ઉપરોક્ત વ્યાધિ આપમેળે જ વિલીન થઈ જશે.

સુરત - અનિલ શાહ

## અનુશાસન

અનુશાસનની વાત આવે ત્યારે વહીવટ, સત્તા અને અધિકારની વાત આવે. વળી નિયમ અને કાયદાની પણ વાત કરવી પડે. રાજ્ય ચલાવવું, કાયદાનો અમલ કરવો તેમાં આદેશ, આજ્ઞા, હુકમ, ઉપદેશ અને શિખામણનો સમાવેશ થાય. મહાભારતમાં પણ એ નામનું તેરમું પર્વ , તેમાં ઉપદેશ આપેલો હોવાથી તે અનુશાસનપર્વ કહેવાય છે. અનુશાસન એટલે એક પ્રકારની મર્યાદા. મર્યાદામાં રાખવાની ક્રિયા, નિયમન. મર્યાદા આવે તેમાં હદ, સીમા અને છેડો હોય સાથે અદબ, લાજ-શરમ અને વિવેક જાળવવાં પડે. ક્યાંય અનુશાસનના નામે નિયંત્રણ, મનાઈ, પ્રતિબંધ અને અંકુશ રાખવામાં આવે. ‘રિસ્ટ્રિકશન’ પરિમિતતા પણ એક નિયમ છે. રાજ્ય વહીવટ, કુટુંબ વહીવટ, શૈક્ષણિક કે કોઈ પણ અન્ય વહીવટ માટે અનુશાસન આવકાર્ય છે. કુટુંબમાં વિનય સાથે વડીલોનું માન રાખવાની રીત, સભ્યાચાર, શિષ્ટાચાર સાથે યોગ્ય વર્તણૂક વ્યવહાર કરવામાં આવે તો ઘર મંદિર બની જાય! પ્રકૃતિનાં તત્ત્વો પણ અનુશાસન શીખવે છે. નદીને પણ કિનારો હોય છે. પ્રકૃતિનાં તમામ તત્ત્વો મર્યાદા બહાર જાય તો સારાને બદલે ખરાબ પરિણામો નિપજાવે છે. તમામ તત્ત્વો નિયમ મુજબ ચાલે છે. કહેવાય છે કે માનવજીવનને જેટલું ઉચ્ચ કોટિનું બનાવવું હોય તેટલું મર્યાદાનું અધિક પાલન જરૂરી છે. અનુશાસનના પ્રતાપે આબરૂ અને પ્રતિષ્ઠા બની રહે છે. અનુશાસનને ધર્મ સમજી પાલન કરવું જોઈએ. હક અધિકારની માંગણી કરનારે ફરજ, જવાબદારી અદા કરવાની સંપૂર્ણ તૈયારી રાખવી જ પડે. અનુશાસનમાં દાબદબાણને સ્થાન નથી. કોઈને પણ અનુશાસનના પાઠ શીખવવા હોય તો પ્રેમપૂર્વક વ્યવહાર સાથે શીખવી શકાય. તેનું પાલન કરનારના નૈતિક બળમાં પણ વધારો થાય છે. અગ્રજની વાત અનુજ પ્રેમથી માને તે અનુશાસન થયું કહેવાય.જેમાં પ્રમાણ આપી સાબિત કરવાપણું સમાયેલું હોય છે. લોકશાહીમાં પણ નિયમ, કાયદાનું પાલન સૌ કરે તે સમયની માંગ છે. એકબીજા પ્રતિ સમર્પણની ભાવના રાખવાથી અનુશાસન સહજ બની જાય છે. માત્ર ઉપદેશાત્મક વ્યવહાર ન કરતાં નિયમોનું યોગ્ય પાલન કરવાથી જ સૌને ન્યાય મળે છે. સર્વત્ર સુખ, શાંતિ પ્રસરે છે. ચાલો, દરેક સમયે નિયમોનું પાલન કરીએ અને કરાવીએ.

નવસારી - કિશોર આર. ટંડેલ